# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૩ -B તા. ૦૨-૦૫-૧૮

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-** **વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન વધુ ૪૦૦૦ શાળાઓમાં "જ્ઞાનકુંજ" પ્રોજેકના અમલીકરણ બાબત.**

**સંદર્ભ :-** **એસ.એસ.એ./એમઆઇએસ/૧૮/૧૪૮૩૫–૮૭૧, તા.૨/૫/૨૦૧૮.**

આથી તમામ મ્યુનિસિપલ શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, ડિજીટલ શિક્ષણ ક્ષેત્રે ગુજરાત રાજયની કામગીરીને વેગ આપવા માટે ગુજરાત સરકાર દ્વારા રાજયની ૧૬૦૯ શાળાઓના ધો. ૭ અને ૮ ના કુલ ૩૧૭૩ વર્ગખંડોમાં "જ્ઞાનકુંજ" પ્રોજેકટ અમલી બનાવેલ છે. જે પૈકી અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં ૩૭ શાળાઓમાં ૭૪ વર્ગખંડોમાં "જ્ઞાનકુંજ" પ્રોજેકટ કાર્યરત છે. જે અંર્તગત "જ્ઞાનકુંજ" પ્રોજેકટને વ્યાપક પ્રતિસાદ મળેલ છે. સદર પાયલોટ પ્રોજેકટની સફળતાને ધ્યાને લઇ વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન રાજયની વધુ ૪૦૦૦ શાળાઓના ધો.૭ અને ૮ ના શાળાદીઠ ૨ વર્ગો પ્રમાણે કુલ ૮૦૦૦ વર્ગખંડોમાં "જ્ઞાનકુંજ" પ્રોજેકટનું અમલીકરણ નિર્ધારીત કરવામાં આવેલ છે.

આથી જે શિક્ષકો ટેકનિકલી સજ્જ, કુશળ અને ટેકનલોજી પ્રત્યે રસ ધરાવે છે તેઓ પોતાની શાળાઓમાં "જ્ઞાનકુંજ" પ્રોજેકટ મેળવવા વિગતવાર ગુગલ ફોર્મ ભરી રજીસ્ટ્રેશન કરી શકે છે. રજીસ્ટ્રેશન માટે ગુગલ ફોર્મની સીધી લીંક આ મુજબ છે.https://goo.gl/forms/klkM71XmCFyqdfij2.

ઉકત વિગતે તમામ શાળાઓમાં અને ટેકનોસેવી શિક્ષકો સુધી "જ્ઞાનકુંજ" પ્રોજેકટની જાણકારી પંહોચે તે જરૂરી છે. આથી આપની શાળાના ટેકનોસેવી અને ટેકનોલોજીના ઉપયોગથી શિક્ષણકાર્ય માટે રસ ધરાવતા તમામ શિક્ષકો ગુગલ ફોર્મથી રજીસ્ટ્રેશન કરે તે માટે જણાવવામાં આવે છે.

બિડાણ- સંદર્ભ દર્શિત પત્રની નકલ

તા. ૦૨-૦૫-૨૦૧૮

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
સર્વ શિક્ષા અભિયાન (એસએસએ)
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સેક્ટર-૧૭
ગાંધીનગર-૩૮૨૦૧૭, ગુજરાત.
ફોન : (૦૭૯) ૨૩૨ ૪૩૧૩૩ ફેક્સ : ૨૩૨ ૩૮૪૦૪
E-mail : spdssa@gmail.com
Toll Free Mo. : 1800-233-1965

પી. ભારતી, આઈ.એ.એસ.
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર,
સર્વ શિક્ષા અભિયાન અને
કમિશનર, પ્રાથમિક શિક્ષણ


ક્રમાંક: SSA/MIS/2018/૧૪૮૩૫-૮૭૨

તા.૨/~~૦૪~~ ૦૫/૨૦૧૮

પ્રતિ,

(૧) જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
સર્વ શિક્ષા અભિયાન,
જિલ્લા પ્રોજેક્ટ કચેરી, જિ.તમામ

(૨) એડી. જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી અને
શાસનાધિકારીશ્રી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતી : અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત

**વિષયઃ વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન વધુ ૪૦૦૦ શાળાઓમાં "જ્ઞાનકુંજ" પ્રોજેક્ટના અમલીકરણ બાબત**

ડિજીટલ શિક્ષણ ક્ષેત્રે ગુજરાત રાજ્યની કામગીરીને વેગ આપવા માટે ગુજરાત સરકાર દ્વારા રાજ્યની ૧૬૦૯ શાળાઓના ધો.૭ અને ધો.૮ના કુલ ૩૧૭૩ વર્ગખંડોમાં "જ્ઞાનકુંજ" પ્રોજેક્ટ અમલી બનાવેલ છે. જે અંતર્ગત "જ્ઞાનકુંજ" પ્રોજેક્ટને વ્યાપક પ્રતિસાદ મળેલ છે. સદર પાયલોટ પ્રોજેક્ટની સફળતાને ધ્યાને લઈ વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન વધુ ૪૦૦૦ શાળાઓના ધો.૭ અને ધો.૮ના શાળાદીઠ બે વર્ગો પ્રમાણે કુલ ૮૦૦૦ વર્ગખંડોમાં "જ્ઞાનકુંજ" પ્રોજેક્ટનું અમલીકરણ નિર્ધારિત કરવામાં આવેલ છે.

સદર અમલીકરણ માંગ આધારિત સિધ્ધાંતો પર કરવામાં આવશે. આથી જે શિક્ષકો ટેકિનકલી સજ્જ, કુશળ અને ટેક્નોલોજી પ્રત્યે રસ ધરાવે છે તેઓ પોતાની શાળામાં "જ્ઞાનકુંજ" પ્રોજેક્ટ મેળવવા વિગતવાર ગુગલ ફોર્મ ભરી રજીસ્ટ્રેશન કરી શકે છે. રજીસ્ટ્રેશન માટે ગુગલ ફોર્મની સીધી લીંક આ મુજબ છેઃ https://goo.gl/forms/klkM71XmCFyqdfij2

ઉક્ત વિગતે આપના જિલ્લાની તમામ શાળાઓ અને ટેક્નોસેવી શિક્ષકો સુધી "જ્ઞાનકુંજ" પ્રોજેક્ટની જાણકારી પહોંચે તે જરૂરી છે. આથી આપના જિલ્લાના ટેક્નોસેવી અને ટેક્નોલોજીના ઉપયોગથી શિક્ષણકાર્ય માટે રસ ધરાવતા તમામ શિક્ષકો ગુગલ ફોર્મથી રજીસ્ટ્રેશન કરે તે માટે મારા આ સંદેશનો તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ, કેળવણી નિરીક્ષકો, એસ.એસ.એ. પ્રોજેક્ટ સ્ટાફ,બી.આર.સી.કો.ઓ.,સી.આર.સી. કો. ઓ. અને બી.આર.પી. મારફત વ્યાપક પ્રચાર-પ્રસાર કરવા જણાવવામાં આવે છે.

શુભેચ્છા સહ,

( પી. ભારતી, IAS )

Please Scan QR code for Google Form